પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૧૭ | ૨૯ જાન્યુઆરી, ૨૦૧૭, રવિવાર ; મહા સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### શ્રીનગર-જમ્મુ હાઈવે પાંચમા દિવસે પણ બંધ



કાશ્મીરમાં ભારે હિમવર્ષા અને હિમસ્ખલનના પગલે શ્રીનગર-જમ્મુ હાઈવે શનિવારે સતત પાંચમા દિવસે પણ બંધ રખાયો હતો. હજારો ટ્રકો અને માલવાહક વાહનો ઠેરઠેર ફસાઈ ગયા છે.

### કેજરીવાલ પંજાબના મુખ્યમંત્રી નહિ બને



કેજરીવાલ પંજાબમાં મુખ્યમંત્રી બનવા મથામણ કરે છે એવા અહેવાલોને રદિયો આપતા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યુ હતુ કે તેઓ દિલ્હી છોડશે નહિ અને પંજાબમાં પંજાબના જ મુખ્યમંત્રી હશે.

### સંજય ભણસાલી સાથેના વ્યવહાર સામે બોલીવુડ લાલઘુમ



જયપુર ખાતે પદ્માવતી ફિલ્મના શુટીંગ સમયે સ્થાનિક રાજપૂત સંગઠનો દ્વારા સંજય ભણસાલી અને તેમની ટીમ પર કરાયેલ હૂમલો અને સેટની તોડફોડ સામે બોલીવુડના સિતારાઓએ આક્રોશ વ્યક્ત કર્યો છે.

### લખનૌ ભાજપ કાર્યાલય પર કાર્યકરોનો ઉગ્ર દેખાવો




ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમીત શાહ એક તરફ ચૂંટણી ઢંઢેરાની જાહેરાત કરી રહ્યા હતા ત્યારે બીજી તરફ ટિકિટના મામલે સેંકડો કાર્યકરોએ કાર્યાલય પર ઉગ્ર દેખાવો કર્યા હતા.

### કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એસ.એમ. ક્રિશ્નાનું કોંગ્રેસમાંથી રાજીનામુ



કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા એસ.એમ. ક્રિશ્નાએ કોંગ્રેસના તમામ પદો પરથી રાજીનામુ આપી કોંગ્રેસ સાથેનો નાતો પણ તોડી નાંખ્યો છે.

# બજેટમાં મહિલાઓને ટેક્સમાં રાહતની સંભાવના

## આવકવેરા મુક્તિ મર્યાદામાં વધારો કરાય તેવી વકી : બજેટમાં પગારદાર વર્ગ અને મધ્યમ વર્ગને મોટી રાહત આપીને ખુશ કરવા પ્રયાસ થઈ શકે : આકર્ષક બજેટ હશે

નવી દિલ્હી,તા. ૨૮

કેન્દ્રિય નાણાંપ્રધાન અરૂણ જેટલી હવે પહેલી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરનાર છે. સામાન્ય બજેટમાં જેટલી આવકવેરા મુક્તિ મર્યાદામાં વધારો કરી પગારદાર વર્ગને રાહત આપી શકે છે. નોટબંધી બાદ ભારે મુશ્કેલીનો સામનો કરી ચુકેલા લોકોને કેટલી રાહત મળે છે તે બાબત પર તમામની નજર રહેશે. આવકવેરા મુક્તિ મર્યાદા કેટલી કરાશે તેને લઈને સામાન્ય લોકોમાં ભારે ચર્ચા છે. જો કે વર્તમાન સંજોગોને જોતા વધારે આશા નથી પરંતુ થોડાક પ્રમાણમાં રાહત ચોક્કસપણેં આપી શકે છે. કેન્દ્રીય બજેટ આડે ગણતરીના દિવસો રહી ગયા છે ત્યારે તમામ લોકોની નજર વધુ ટેક્સ રાહતો ઉપર કેન્દ્રીત થઈ ગઈ છે. મહિલાઓને વધુ ટેક્સ રાહત અપાશે કે કેમ તેને લઈને પણ ચર્ચા છે. કેન્દ્રીય નાણાંમંત્રી જેટલી બજેટ રજૂ કરતી વેળા આવકવેરા મુક્તિ મર્યાદામાં વધુ રાહત આપી શકે છે. આવકવેરા મુક્તિ મર્યાદામાં સતત વધારો ક્રમશ થતો રહ્યો છે. વર્ષ ૨૦૦૦-૦૧માં આવકવેરા મુક્તિ મર્યાદા પુરુષો માટે અને મહિલાઓ માટે ૫૦-૫૦,૦૦૦ હતી. ઊંચી ટેક્સ મુક્તિ મર્યાદાના કારણે મહિલાઓની બચત પણ સતત વધી છે. જો કે ટેક્સ નિષ્ણાંતોનું કહેવું છે કે આ પસંદગીની બાબત મહિલાઓને પ્રોત્સાહન આપશે. આમા વધુ સુધારા પણ શક્ય રહેલા છે.

નવા બજેટમાં આવકવેરા મુક્તિ મર્યાદાને વધારવાની મોટાભાગની ગણતરી થઈ રહી છે. વર્ષ ૨૦૧૧-૧૨માં પુરુષો માટે આવકવેરા મુક્તિ મર્યાદા ૧.૮ લાખ અને મહિલાઓ માટે ૧.૯૦ લાખ રૂપિયા હતી જ્યારે મહિલાઓની ટેક્સ બચત ૧૦૩૦ જેટલી હતી.

# આજે નાગપુરમાં ટી-ટ્વેન્ટી મેચનો રસપ્રદ મુકાબલો

## આજે ઈંગ્લેન્ડને પછાડવા ભારતીય ટીમ પૂર્ણ સજ્જ : પ્રથમ મેચમાં હાર બાદ ભારત પર તીવ્ર દબાણ : વિરાટ કોહલી, યુવરાજ, રૈના, ધોની અને રાહુલ ઉપર તીવ્ર દબાણ રહેશે

નાગપુર,તા. ૨૮

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે આવતીકાલે ત્રણ ટ્વેન્ટી મેચોની શ્રેણીની બીજી મેચ નાગપુર ખાતે રમાનાર છે. જેને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. કાનપુરના ગ્રીનપાર્ક મેદાન ખાતે રમાયેલી ટ્વેન્ટી મેચોની શ્રેણીની પ્રથમ મેચમાં ગુરૂવારના દિવસે ભારત પર ઈંગ્લેન્ડે સાત વિકેટે રોમાંચક જીત મેળવી હતી. આની સાથે જ ત્રણ મેચોની શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી હતી. ભારતે પ્રથમ બેટીંગ કરતા નિર્ધારીત ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૪૭ રન બનાવ્યા હતા. જો કે ઈંગ્લેન્ડે સરળતાથી આ રન કરી લીધા હતા. પ્રવાસી ઈંગ્લેન્ડની ટીમના ખેલાડી જોરદાર ફોર્મમાં ચાલી રહ્યા છે. જેમાં રૂટ અને જોયનો સમાવેશ થાય છે. બીજી બાજુ ઈંગ્લેન્ડ કેપ્ટન મોર્ગનથી તોફાની બેટિંગથી ભારતને સાવધાન રહેવાની જરૂર છે. ભારતે હાલમાં વનડે શ્રેણી ૨-૧થી જીતી લીધા બાદ હવે ટવેન્ટી શ્રેણી પર નજર કેન્દ્રિત કરી દીધી છે. જે કે પ્રથમ મેચમાં હાર થઈ ગયા બાદ વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારત પર દબાણ વધી ગયુ છે.વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ નાગપુર ખાતે જોરદાર દેખાવ કરવા માટે તૈયાર છે. ઈતિહાસ ઉપર નજર કરવામાં આવે તો ઈંગ્લેન્ડની ટીમનો દેખાવ નબળો રહ્યો નથી.

ભારત તરફથી રાહુલ ઓપનીંગમાં બેટીંગ કરી શકે છે. જ્યારે સુરેશ રૈના ત્રીજા નંબરે બેટીંગ કરશે. ત્યારબાદ યુવરાજ અને ધોની ક્રમશઃ બેટીંગ કરશે. ઈંગ્લેન્ડ તરફીત જોય રૂટ હવે સંપૂર્ણપણે ફિટ થઈ ચુક્યો છે. આ મેચનું પ્રસારણ ૪.૩૦ વાગે શરૂ થશે. છેલ્લે ભારતની ઈંગ્લેન્ડ સામે ૨૦૧૪માં ઈંગ્લેન્ડ સામે ટ્વેન્ટી મેચમાં હાર થઈ હતી. તે વખતે કોહલીએ અડધી સદી ફટકારી હતી.



# બરફની શીલા નીચે ફસાયેલા પાંચ જવાનોને બચાવાયા

શ્રીનગર,તા. ૨૮

કાશ્મીર હિમસ્ખલનના ત્રીજા દિવસે સેનાના પાંચ જવાનો ફસાયા હતા. જેમને ડિઝાસ્ટર ટુકડીએ ભારે જહેમત બાદ બચાવી લીધા હતા.

જમ્મુ-કાશ્મીરના કુપવારા જિલ્લામાં બરફની શીલા ધસી પડવાના કારણે વધુ પાંચ જવાનો ફસાઈ ગયા હોવાના અહેવાલ મળ્યા છે. આ તમામ જવાનોને શોધી કાઢવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનિય છે કે ભારે હિમવર્ષાના કારણે સેનાની એક ચોકીને પણ નુકસાન થયું છે. ફસાઈ ગયેલા પાંચ જવાનોને બચાવી લેવા માટેના તમામ પ્રયાસો યુદ્ધના ધોરણે હાથ ધરી તમામને બચાવી લેવાયા હતા. અત્રે નોંધનિય છે કે આ વર્ષે ભારે હિમવર્ષા થઈ ચુકી છે. જેના કારણે હવામાન વિભાગ તરફથી મોટા પ્રમાણમાં હિમ શીલાઓ ધસી પડવા માટેની ચેતવણી પહેલાથી જ જારી કરી છે. ઉલ્લેખનિય છે કે કાશ્મીરના ગુરેજ સેકટરમાં બુધવારના દિવસે ભેખડો ધસી પડતા ૧૫ જવાન શહીદ થઈ ગયા હતા. બરફની હિમશીલાઓ પડ્યા બાદ ૧૫ જવાનોના મોતથી સનસનાટી મચી ગઈ હતી. અન્ય પાંચ નાગરિકોના મોત પણ થયા હતા. કુલ ૨૦ના મોત થયા હતા. ૧૦ જવાનોના મૃતદેહ ગુરૂવારે મળી આવ્યા હતા. અન્ય પાંચ જવાનના મૃતદેહ શુક્રવારે મળી આવ્યા હતા.

# સેરેનાએ ઓસ્ટ્રેલિયન ઓપનનો તાજ જીતી ઈતિહાસ સજ્યોૅ

## વિનસને હરાવી સેરેનાએ ૨૩મી ગ્રાન્ડ સ્લેમ જીતી : સ્ટેફીગ્રાફના ૨૨ ગ્રાન્ડસ્લેમનો રેકોર્ડ સેરેના વિલિયમ્સે તોડ્યો : જીતની સાથે સેરેના ફરી પ્રથમ ક્રમાંકિત ખેલાડી



મેલબોર્ન,તા. ૨૮

મેલબોર્ન પાર્ક ખાતે આજે રમાયેલી ઓસ્ટ્રેલિય ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં મહિલાઓની સિંગલ્સ ફાઈનલમાં સેરેના વિલિયમ્સે જીત મેળવીને વધુ એક ઈતિહાસ સર્જ્યો હતો. પોતાની બહેન વિનસ વિલિયમ્સને ફાઈનલમાં હાર આપીને સેરેનાએ ઈતિહાસ રચ્યો હતો અને મહાન ખેલાડી સ્ટેફીગ્રાફને પાછળ છોડીને ૨૩મી ગ્રાન્ડસ્લેમ જીતી લીધી હતી. સ્ટેફીગ્રાફે પોતાની કેરિયરમાં ૨૨ ગ્રાન્ડસ્લેમ સ્પર્ધા જીતી હતી. આ જીતની સાથે જ સેરેના વિલિયમ્સ ફરી એકવાર નવંબર વન સિંગલ્સ ખેલાડી બની ગઈ છે. સેરેનાએ વર્ચસ્વ જાળવી રાખીને પોતાની બહેન ઉપર ૬-૪, ૬-૪થી જીત મેળવી હતી. આની સાથે જ સાતમી વખત ઓસ્ટ્રેલિયન ઓપનની ગ્રાન્ડસ્લેમ જીતી હતી. આની સાથે જ સૌથી વધારે ગ્રાન્ડસ્લેમ જીતવાનો રેકોર્ડ પણ પોતાના નામ ઉપર કર્યો હતો. પોતાની પ્રથમ ગ્રાન્ડસ્લેમ જીતવાના ૧૮ વર્ષ બાદ આ સિદ્ધિ

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપ ફરી રામ મંદિરના શરણે

## ઉત્તર પ્રદેશ ચૂંટણી માટે ભાજપના ઢંઢેરામાં રામ મંદિર, ત્રિપલ તલાકને સ્થાન : લોક કલ્યાણ સંકલ્પ પત્ર નામથી જારી ચૂંટણી ઢંઢેરામાં અનેક વચનો : રોજગારી વધારવા પર મુખ્ય ધ્યાન અપાશે

નવી દિલ્હી, તા. ૨૮

ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ અમિત શાહે આજે ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો જારી કરી દીધો હતો. ચૂંટણી ઢંઢેરામાં ઉત્તરપ્રદેશના સર્વાંગી વિકાસ માટે શ્રેણીબદ્ધ નવી યોજનાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ચૂંટણી ઢંઢેરામાં રામ મંદિર અને ત્રિપલ તલાક જેવા સંવેદનશીલ મુદ્દાને પણ જગ્યા આપવામાં આવી છે. ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌમાં ઈન્દિરા ગાંધી પ્રતિષ્ઠાન ખાતે આયોજિત કાર્યક્રમમાં અમિત શાહ દ્વારા અન્ય વરિષ્ઠ નેતાઓની ઉપસ્થિતિમાં ચૂંટણી ઢંઢેરો જારી કરાયો હતો. અમિત શાહે કહ્યું હતું કે બે તૃતિયાંશ બહુમતિ સાથે ભાજપ રાજ્યમાં સરકારની રચના કરવાની તૈયારીમાં છે. મિસકોલ, લેટર મારફતે આશરે ૩૦ લાખ લોકોના ફિડબેક અમે લઈ ચુક્યા છીએ. અમે પાંચ હજાર જાહેરસભાઓ કરી ચુક્યા છીએ. અમિત શાહે કહ્યું હતું કે રોજગારીની તકો વધુ પ્રમાણમાં સર્જવા ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સારી બને તેના ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે ઉત્તરપ્રદેશ હજુ બીમાર રાજ્ય તરીકે છે. રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવા રાજ્યો હવે બીમાર રાજ્ય રહ્યા નથી. ભાજપ શાસિત રાજ્યોની હાલત સતત સુધરી રહી છે. ભાજપ પ્રમુખે કહ્યું હતું કે બંધારણીય જોગવાઈ હેઠળ રામ મંદિરના નિર્માણ માટેના પ્રયાસ પણ હાથ ધરવામાં આવશે. તેમણે વચન આપ્યું હતું કે પાર્ટી સત્તા ઉપર આવશે તો કૃષિ લોન સંપૂર્ણપણે માફ કરવામાં આવશે. ધોરણ-૧૨ સુધી મફત




શિક્ષણ અને ૨૪ કલાક વીજ પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમણે આક્ષેપ કરતા કહ્યું હતું કે સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીના

● અનુસંધાન પાન-૭ પર




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

